# તમંચો કારતુસ સાથે રાજસ્થાની પકડાયો

તા.૦૪/૦૪/૨૦૧૭

દેશી તમંચો અને કારતૂસ સાથે ડિંડોલીમાંથી રહેતા રાજસ્થાની યુવકને ક્રાઇમ બ્રાંચે પકડી પાડયો હતો.

મળતી વિગતો પ્રમાણે ક્રાઇમ બ્રાંચના પીઆઇ અનિરૂધ્ધ કેપ્ટનના માર્ગદર્ન હેઠળ પીએસઆઇ ત્રિવેદીની સ્કવોડ પેટ્રોલીંગમાં હતી ત્યારે મળેલી બાતમીને આધારે ડિંડોલી બ્રિજ પાસેથી પસાર થતા અમિત ઉર્ફે ચીકો હરિઓમ શર્મા (ઉ.વ.૨૨. રહે. જયપુર, રાજસ્થાન) ને પકડી તેની તલાશી લેતા દેશી હાથ બનાવટનો તમંચો અને ૧ કારતુસ મળી આવ્યો હતો. મારામારીના ગુનામાં પકડાઇ ચૂકયો છે. પોલીસ તપાસમાં ડિંડોલીમાં રહેતા મિત્ર મુકેશ ઉર્ફે ગુલ્લુ બિહારી પાસેથી ચીકાએ આ તમંચો ખરીદ્યો હતો. એક મિત્ર સાથે વારંવાર ઝઘડો થતો હોય, સલામતિ માટે ચીકો તમંચો પોતાની પાસે રાખતો હોવાનું પોલીસને જણાવ્યું હતું.